**મે. સુરતના ૧૨માં એડી. સિનિ. સિવિલ જજ અને એ.સી.જે.એમ. સાહેબની કોર્ટમાં, સુરત.**

ફોજદારી કેસ નંબર -

ફરિયાદી - સરકારશ્રી

વિરુદધ

આરોપી -

## <u>ચુકાદો</u>

ઉપરોકત જણાવેલ આરોપી સામે, આઈ.પી.સી. ની કલમ ...............મુજબના ગુન્હા માટે ફરિયાદ નોંધાવેલ છે. ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતાં નામદાર કોર્ટ રૂબરૂ હાજર થયા અને તેઓને ફરિયાદની નકલ આપી. તેઓને ફરિયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી, સમજાવતાં અને ત્યારબાદ તેઓએ તેઓ સામે થયેલા ગુના અંગેનું સ્વૈચ્છિક લેખિત નિવેદન કરેલ છે. જે આંક -________ થી રજુ છે.

આરોપી આ કામે ગુનો કબૂલાત પુરસીસ આપેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે તેમનો પ્રથમ ગુન્હો છે, તેઓ કુંટુંબ કબીલાવાળા માણસ છે. તેઓ કોર્ટ આગળ દયાની માંગણી કરે છે, આ કામના આરોપીએ ખરેખર પોતાની સ્વેચ્છાથી ગુનાની કબૂલાત કરેલ છે કે કેમ તેની ખાત્રી કરવામાં આવેલ છે જેથી ઉપરોકત સંજોગો જોતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>// હુકમ //</u>

આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ - ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ - ................... મુજબના શિક્ષા પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી તેઓને સદર ગુનામાં રૂપિયા .................... ( અંકે રૂપિયા ............ પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૧ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(વી.બી.બારોટ)**
**૧૨માં એડી.સિનિ.સિવિલ જજ**
**અને એ.સી.જે.એમ., સુરત.**
**(GJ01004)**

તારીખ - ૧૧/૦૨/૨૦૨૩
સ્થળ - સુરત.